# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 11-09-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : THURSDAY** **National News**

## આકાશવાણી સમાચાર રીટા દવે વાંચે છે.

****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉત્તરાખંડના અસરગ્રસ્ત વિસ્તારો માટે બારસો કરોડ રૂપિયાની સહાયની જાહેરાત કરી
2. પ્રધાનમંત્રીએ ઉત્તરપ્રદેશના વારાણસી ખાતે મોરેશિયસના પ્રધાનમંત્રી નવીનચંદ્ર રામગુલામ સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરી.
3. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ ખાંડ ઉદ્યોગને દેશની કરોડરજ્જુ ગણાવીને તેની પ્રશંસા કરી.
4. પંજાબમાંથી પોલીસ સાથેની સંયુક્ત કાર્યવાહીમાં BSF એ 27 પિસ્તોલ અને 470 જીવતા કારતૂસનો સૌથી મોટો જથ્થો જપ્ત કર્યો
5. ભારતીય શટલર આયુષ શેટ્ટીએ હોંગકોંગ ઓપન સુપર 500 બેડમિન્ટન સ્પર્ધાની ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો

..............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM-UTTARAKHAND

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે દહેરાદૂનમાં ઉત્તરાખંડના અસરગ્રસ્ત વિસ્તારો માટે બારસો કરોડ રૂપિયાની નાણાકીય સહાયની જાહેરાત કરી. શ્રી મોદીએ આજે પૂરની સ્થિતિ અને વાદળ ફાટવા, વરસાદ અને ભૂસ્ખલનને કારણે થયેલા નુકસાનની સમીક્ષા કરવા ઉત્તરાખંડ પહોચીને પરિસ્થિતિનો તાગ મેળવી એક ઉચ્ચ સ્તરીય બેઠક કરી.

પ્રધાનમંત્રીએ સમગ્ર પ્રદેશ અને તેના લોકોને સ્વસ્થ થવામાં મદદ કરવા માટે બહુપક્ષીય અભિગમની જરૂરિયાત પર ભાર મૂક્યો. જેમાં પીએમ આવાસ યોજના હેઠળ ઘરોનું પુનર્નિર્માણ, રાષ્ટ્રીય ધોરીમાર્ગોનું પુનઃસ્થાપન, શાળાઓનું પુનર્નિર્માણ, પ્રધાનમંત્રી રાહત ભંડોળ અંતર્ગત રાહત પૂરી પાડવા અને પશુધન માટે મીની કીટનું વિતરણ જેવા પગલાંનો સમાવેશ થશે.

શ્રી મોદીએ મૃતકોના પરિવાર માટે ૨ લાખ રૂપિયા અને પૂર અને સંબંધિત આફતોમાં ગંભીર રીતે ઘાયલ થયેલા લોકો માટે 50 હજાર રૂપિયાની સહાયની પણ જાહેરાત કરી છે. વધુમાં તેમણે તાજેતરના પૂર અને ભૂસ્ખલનથી અનાથ થયેલા બાળકોને પીએમ કેર્સ ફોર ચિલ્ડ્રન યોજના દ્વારા સહાયની જાહેરાત કરી છે.

. . . . . . . . . . . . . .

# PM- MAURITIUS

ઉત્તર પ્રદેશના વારાણસીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મોરેશિયસના પ્રધાનમંત્રી નવીનચંદ્ર રામગુલામ સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરી હતી. બંને નેતાઓ વચ્ચેની વાતચીત બાદ, ભારત અને મોરેશિયસે વિજ્ઞાન અને ટેકનોલોજી, સમુદ્રશાસ્ત્ર, વહીવટી તાલીમ અને ટેલિમેટ્રી ક્ષેત્રોમાં ચાર કરારો પર હસ્તાક્ષર કર્યા હતા. વડાપ્રધાન રામગુલામ ગઈકાલે વારાણસી પહોચ્યા હતા બાદમાં, સંયુક્ત પત્રકાર પરિષદમાં શ્રી મોદીએ બંને દેશો વચ્ચેના ગાઢ સંબંધોને પુનઃપુષ્ટિ આપતા કહ્યું કે, ભારત અને મોરેશિયસ બે રાષ્ટ્રો છે, પરંતુ તેમના સપના અને ભાગ્ય એક છે.

ઉર્જા ક્ષેત્ર ભારત અને મોરેશિયસની ભાગીદારીનો મહત્વનો સ્તંભ છે.

(બાઇટ- પ્રધાનમંત્રી ON ઉર્જાક્ષેત્ર)

. . . . . . . . . . . . . . .

## MEA BRIEFING

વિદેશ સચિવ વિક્રમ મિસરીએ કહ્યું છે કે ભારત અને મોરેશિયસ, અત્યંત મહત્વપૂર્ણ દરિયાઈ પડોશીઓ તરીકે, દરિયાઈ સુરક્ષા, ચાંચિયાગીરી અને ડ્રગ હેરફેરના પડકારોનો સામનો કરવા માટે સાથે મળીને કામ કરી રહ્યા છે. શ્રી મિસરીએ કહ્યું કે મોરેશિયસ ભારતની નેબરહુડ ફર્સ્ટ પોલિસી અને "મહાસાગર" વિઝનનો અભિન્ન ભાગ છે.

તેમણે કહ્યું કે બંને દેશો વચ્ચેનો દ્વિપક્ષીય સંબંધ સાંસ્કૃતિક, સભ્યતા અને વંશીય બંધનોમાં મૂળ ધરાવતો એક અનોખો સંબંધ છે.

તેમણે કહ્યું કે તે પરસ્પર  સંબંધો, વધતા વેપાર, આર્થિક, નાણાકીય અને રોકાણ સંબંધો અને બંને દેશો વચ્ચે વિકાસલક્ષી ભાગીદારી પર આધારિત છે. વિદેશ સચિવે કહ્યું કે ભારત હિંદ મહાસાગર ક્ષેત્રમાં પ્રથમ પ્રતિભાવ આપનાર અને સુરક્ષા પ્રદાતા રહ્યું છે અને મોરેશિયસ પણ તેનો અપવાદ નથી. તેમણે કહ્યું કે તે એક ભાગીદારી છે જે વિકાસ સહયોગ, દરિયાઈ સુરક્ષા અને આરોગ્યસંભાળ વિકાસ સહિત ઘણા ક્ષેત્રોમાં વિકસિત થઈ છે.

. . . . . . . . . . . . . . .

## GADKARI - BIO ENERGY CONFERENCE

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ આજે ખાંડ ઉદ્યોગને દેશની કરોડરજ્જુ ગણાવીને તેની પ્રશંસા કરી. કેન્દ્રીય ગ્રાહક બાબતોના મંત્રી પ્રહલાદ જોશી સાથે ભારત ખાંડ અને બાયો-એનર્જી કોન્ફરન્સના ત્રીજા સંસ્કરણમાં હાજરી આપતા શ્રી ગડકરીએ જણાવ્યું હતું કે ભારતનું બાયોએનર્જી ક્ષેત્ર તેના 20 ટકા ઇથેનોલ મિશ્રણ દ્વારા એક મુખ્ય ખેલાડી બની ગયું છે. તેમણે વાયુ પ્રદૂષણને નિયંત્રિત કરવા માટે અશ્મિભૂત ઇંધણની આયાત ઘટાડવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

(બાઇટ - નીતિન ગડકરી)

. . . . . . . . . . . . . . .

## SEWA PAKHAWADA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે ભારતીય જનતા પાર્ટી આ મહિનાની 17મી તારીખથી દેશભરમાં સેવા પખવાડાનું આયોજન કરશે. આજે બપોરે નવી દિલ્હીમાં પાર્ટી મુખ્યાલયમાં મીડિયાને સંબોધતા, પાર્ટીના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવે જણાવ્યું હતું કે, સેવા પખવાડા 2 ઓક્ટોબર, મહાત્મા ગાંધી અને લાલ બહાદુર શાસ્ત્રીની જન્મજયંતિ સુધી ચાલુ રહેશે.

. . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# PUNJAB-33 PISTOLS SEIZED

પંજાબના ફાઝિલ્કામાં પંજાબ પોલીસ સાથેની સંયુક્ત કાર્યવાહીમાં બોર્ડર સિક્યુરિટી ફોર્સ દ્વારા 27 પિસ્તોલ અને 470 જીવંત કારતૂસનો સૌથી મોટો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે અને 2 સરહદ પારના હથિયારોના દાણચોરોને પકડી પાડવામાં આવ્યા છે. પંજાબ પોલીસના જણાવ્યા અનુસાર આ હથિયારો પાકિસ્તાનથી એક વિદેશી સંસ્થા દ્વારા લાવવામાં આવ્યા હતા અને પંજાબમાં ગુનાહિત ગેંગ દ્વારા તેનો ઉપયોગ કરવાનો હતો.

અમૃતસરમાં ગુપ્તચર તંત્ર દ્વારા ચલાવવામાં આવેલા અન્ય એક કાર્યવાહીમાં દાણચોરી કરતાં છ લોકોની એટલી જ પિસ્તોલ અને 5.75 લાખ રૂપિયાના હવાલા મની સાથે ધરપકડ કરવામાં આવી હતી.

સમગ્ર દાણચોરી નેટવર્કનો પર્દાફાશ કરવા માટે વધુ તપાસ ચાલી રહી છે.

. . . . . . . . . . . . . . .

# DELHI -CBI

કેન્દ્રિય તપાસ સંસ્થા (CBI) એ દિલ્હી પશ્ચિમના પ્રાદેશિક ભવિષ્ય નિધિ કમિશનર-I ને 1.5 લાખ રૂપિયાની લાંચ લેતા ધરપકડ કરી છે. CBI એ જણાવ્યું હતું કે આરોપીએ ફરિયાદી સામે RDA કાર્યવાહીને અનુકૂળ

રીતે પતાવટ કરવા માટે ૩ લાખ રૂપિયાની લાંચ માંગી હતી. એજન્સીએ છટકું ગોઠવી તેમને રંગે હાથે પકડી લઈ ધરપકડ કરી હતી.

. . . . . . . . . . . . . . .

## NEXT GEN GST- AUTOMOBILE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ સ્વતંત્રતા દિવસે લાલ કિલ્લાથી, દિવાળી સુધીમાં GST સુધારાઓની આગામી પેઢી અંગે કરેલી જાહેરાત બાદ GST કાઉન્સિલે ૩ સપ્ટેમ્બરના રોજ દરોને તર્કસંગત બનાવી, ઘણા ક્ષેત્રોમાં કર દર ઘટાડી નાગરિકોના જીવનને સરળ બનાવવાની મંજૂરી આપી. આ સુધારાઓથી ઓટોમોબાઈલ ઉદ્યોગોને કેવી રીતે મદદ થશે તે અંગે સાંભળીએ એક અહેવાલ.

**(VC -CHAITALI JOSHI )**

*(નેક્સ્ટ-જનરેશન **GST** સુધારા હેઠળ, સરકારે ઓટોમોબાઈલ ક્ષેત્રને નોંધપાત્ર રાહત આપી છે. 350cc થી ઓછી એન્જિન ક્ષમતા ધરાવતી નાની કાર અને ટુ-વ્હીલર પર **GST** 28 ટકાથી ઘટાડીને 18 ટકા કરવામાં આવ્યો છે. તેવી જ રીતે બસ, ટ્રક, થ્રી-વ્હીલર જેવા કોમર્શિયલ વાહનો અને તમામ ઓટો પાર્ટ્સ પર પણ ટેક્સ દર 18 ટકા સુધી ઘટાડવામાં આવશે. ઇલેક્ટ્રિક વાહનોને 5 ટકાના સૌથી ઓછા ટેક્સ સ્લેબનો લાભ મળતો રહેશે, જ્યારે લક્ઝરી વાહનો હવે 40 ટકાના ઊંચા દરને આકર્ષિત કરશે.)*

*આકાશવાણી સમાચાર વિભાગથી ચૈતાલી જોશી, આકાશવાણી અમદાવાદ.*

. . . . . . . . . . . . . . .

## NADDA - DENGUE AND MALARIA

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ  આજે દેશમાં ડેંગ્યુ અને મેલેરિયાની વર્તમાન સ્થિતિની સમીક્ષા કરી હતી. સમીક્ષા બેઠક દરમિયાન, શ્રી નડ્ડાએ ડેન્ગ્યુ અને મેલેરિયાના નિવારણ અને નિયંત્રણમાં મુખ્ય પડકારો અને વર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ કર્યો. તેમણે રાજ્યો, સ્થાનિક સંસ્થાઓ અને સમુદાયોને લોકોના સ્વાસ્થ્યનું રક્ષણ કરવા માટે નિવારણ અને નિયંત્રણના પગલાં ઝડપી બનાવવા ની સાથે તમામ મુખ્યમંત્રીઓના સલાહકારોને આગામી મહિનાઓમાં ડેન્ગ્યુ અને મેલેરિયાના અસરકારક નિયંત્રણ માટે નિવારણ પગલાં અને સમુદાય જાગૃતિ પ્રવૃત્તિઓ વધારવા વિનંતી કરી.

શ્રી નડ્ડાએ કેન્દ્ર સરકારના તબીબી કેન્દ્રો સહિત તમામ હોસ્પિટલોને પૂરતી દવાઓ, નિદાન, પથારી અને મચ્છરમુક્ત પરિસર સુનિશ્ચિત કરવા વિનંતી કરી. ભારતે મેલેરિયાનો સામનો કરવામાં નોંધપાત્ર પ્રગતિ કરી છેતેમ માહિતી આપતા તેમણે  કહ્યું કે 2022-24 દરમિયાન 160 જિલ્લાઓમાં મેલેરિયાના શૂન્ય કેસ નોંધાયા છે.

. . . . . . . . . . . . . .

## EVE BADMINTON-HONG KONG OPEN

ભારતીય શટલર આયુષ શેટ્ટીએ આજે હોંગકોંગ ઓપન સુપર 500 બેડમિન્ટન ટુર્નામેન્ટમાં 2023 વર્લ્ડ ચેમ્પિયનશિપના બીજા ક્રમાંકિત જાપાનના કોડાઈ નારોકાને હરાવીને પુરુષોની સિંગલ્સની ક્વાર્ટર

ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. આવતીકાલે ક્વાર્ટર ફાઇનલમાં આયુષનો મુકાબલો ભારતીય ખેલાડી લક્ષ્ય સેન સામે થશે. અગાઉ, ભારતની ટોચની મેન્સ ડબલ્સ જોડી, સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીએ ટુર્નામેન્ટની ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. રેન્કીરેડ્ડી અને શેટ્ટીનો આગામી મુકાબલો આવતીકાલે મલેશિયા સામે થશે.

. . . . . . . . . . . . . .

## RENEWABLE-JOSHI

ભારતે બિન-અશ્મિભૂત ઇંધણ વીજળી ઉત્પાદનમાં 250 ગીગાવોટની ક્ષમતા હાંસલ કરી છે જે વધીને 2030 સુધીમાં 500 ગીગાવોટ સુધી મેળવવાનું લક્ષ્ય છે. ઉર્જા મંત્રી પ્રહલાદ જોશીએ આજે નવી દિલ્હીમાં નવીનીકરણીય ઉર્જા પર રાજ્ય સમીક્ષા બેઠકના ઉદ્ઘાટન સત્રને સંબોધતા આ મુજબ જણાવ્યુ. તેમણે કહ્યું કે સ્વચ્છ ભારત અને સ્વચ્છ ઉર્જા એ સરકારનો સહુથી વધુ મહત્વાકાંક્ષી કાર્યક્રમ છે. શ્રી જોશીએ ઉમેર્યું કે સરકારે 20 લાખ ઘરોને ટકાઉપણા સાથે મફત વીજળી પૂરી પાડી છે જેમની પાસે પોતાના ઘર નથી. મંત્રીશ્રીએ ઉમેર્યું કે આંધ્રપ્રદેશે આ અંગે ખૂબ જ સારી યોજના બનાવી છે અને વિગતવાર દરખાસ્તો પણ રજૂ કરી છે. તેમણે જણાવ્યુ કે સરકારનું લક્ષ્ય એક કરોડ ઘરોનું છે.

. . . . . . . . . . . . . .

## UPDATE NEPAL-INTERIM GOVT

નેપાળના રાષ્ટ્રપતિ રામચંદ્ર પૌડેલે એક નિવેદન બહાર પાડતા જણાવ્યુ કે તેઓ હાલમાં બંધારણીય સીમાની અંદર દેશના ચાલી રહેલા પડકારોનો સામનો કરવા માટે પરામર્શ અને શક્ય તેટલા પ્રયાસો કરી રહ્યા છે. ઘણી સામાજિક સંસ્થાઓએ વિરોધ કરી રહેલા ઝેન ઝી ને રાષ્ટ્રપતિની ભાગીદારી અને રક્ષણ હેઠળ વર્તમાન રાજકીય પરિસ્થિતિઓનો ઉકેલ શોધવા, બંધારણીય મૂલ્યોને સ્વીકારવા અને દેશમાં ભ્રષ્ટાચાર અને અનિયમિતતાઓને રોકવા માટેનો માર્ગ શોધવા વિનંતી કરી છે.

કાઠમંડુ ખીણમાં આવતીકાલે સવારના ૬ વાગ્યા સુધી અને ભારત સરહદ નજીક બાગમતીના ચિતવનમાં સાંજે ૭ વાગ્યા સુધી કરફ્યુ રહેશે.

દરમ્યાન ત્રિભુવન આંતરરાષ્ટ્રીય વિમાનમથક ફરીથી ખોલવામાં આવ્યું છે, માન્ય ટિકિટ ધરાવતા પ્રવાસીઓને સુરક્ષા કર્મચારીઓ દ્વારા એરપોર્ટ સુધી પહોંચવામાં સુવિધા આપવામાં આવી છે.

દરમિયાન આ વિરોધ પ્રદર્શનમાં મૃત્યુઆંક 34 પર પહોંચ્યો છે અને 11 હજારથી વધુ ઘાયલો સારવાર લઈ રહ્યા છે.

. . . . . . . . . . . . . .